**<u>સોગંદ આપ્યા.</u>**

**<u>અરજદાર મહાવીરસીંહ ગંભીરસીંહ ઝાલાની આંક– ૩૪ ની સરતપાસ લગત સામાવાળા નં.૧ તર્ફે ઉલટ તપાસ વિ.ડી.જી.પી. શ્રી વી.સી.જાની</u>**

(૧) એ વાત ખરી છે કે, મારી સંપાદન થયેલ જમીન માલણીયાદ ગામની સીમમાં આવેલ છે. માલણીયાદગામથી હળવદ વચ્ચેનું અંતર ૧૫ કી.મી. છે અને માલણીયાદગામથી મોરબી વચ્ચે ૫૫ કી.મી. દુર છે. હું ભણેલ હોય મને ચર્તુદીશામાં ખબર પડે. એ વાત ખરી છે કે, મારી જમીનની ચર્તુદીશામાં મારા જમીનને અડીને ઉત્તર–દક્ષીણ–પૂર્વ–પશ્ચિમે આવેલ સ્થળ સ્થીતીને મારી જમીનની ચર્તુદીશા કહેવાય. એ વાત ખરી છે કે, મારી જમીનની ચર્તુદીશાને અડીને કોઈ રહેણાંકની સોસાયટી તથા પેટ્રોલપંપ તથા કારખાનું આવેલ નથી. મારી જમીનની ઉત્તર દીશાએ અડીને માલણીયાદથી ઈશનપુર જવાનો રસ્તો આવેલ છે. એ વાત ખરી નથી કે, જ્યારે મેં રેફરન્સ દાખલ કર્યો ત્યારે રસ્તો ન હતો. એ વાત ખરી છે કે, મારી રેફરન્સ અરજીમાં વળતર માટે જે કિંમત દર્શાવેલ છે તેના કોઈ આધાર પુરાવા અરજી સાથે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, મારી રેફરન્સ અરજીના કામે માલણીયાદ ગામની જમીનના આજુબાજુના ગામની જંત્રી રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, અમારા ગામમાં ધોરણ ૧૦ સુધી શાળા છે. એ વાત ખરી નથી કે, જે તે સમયે મને સરકારે મારી જમીનનું યોગ્ય વળતર આપેલ છે છતા મેં ખોટી રીતે વળતર મેળવવા હાલનો રેફરન્સ દાખલ કરેલ છે.

**<u>અરજદાર મહાવીરસીંહ ગંભીરસીંહ ઝાલાની આંક– ૩૪ ની સરતપાસ લગત સામાવાળા નં.૨ તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી એસ.જે.પંડયા</u>**

(૨) મેં ધોરણ ૧૨ સુધી અભ્યાસ કરેલ છે. એ વાત ખરી છે કે, સંપાદન સમયે અમારુ ગામ સુરેન્દ્રનગર જીલ્લામાં હતું. એ વાત ખરી છે કે, અમારુ માલણીયાદ ગામ સુરેન્દ્રનગરથી આશરે ૭૦ કી.મી. દુર થાય અને હળવદથી આશરે ૧૫ કી.મી. દુર થાય. એ વાત ખરી છે કે, અમારા ગામમાં રેલ્વે સ્ટેશન આવેલ નથી. એ વાત ખરી નથી કે, સારા–નરસા પ્રસંગે અમારે ખરીદી કરવી હોય તો અમારે હળવદ અથવા સુરેન્દ્રનગર જવું પડે. એ વાત ખરી છે કે, અમારુ ગામ વીકસીત હોય તે દર્શાવતો આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, મોટી બીમારીની સર્જરી માટે અમારે સુરેન્દ્રનગર અથવા હળવદ ખાતે આવવું પડે છે. એ વાત ખરી છે કે, અમારા માલણીયાદગામના સીમાડે રણમલપુર ગામ, કીડી ગામ અને કચ્છનું રણ આવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, માલણીયાદગામના સીમાડે રણમલપુરગામ આવેલ નથી, કીડી અને વેગડવાવ,ઈશનપુર,ઘણાદ વીગેરે ગામો આવેલા છે. એ વાત ખરી છે કે, માલણીયાદ ગામના સીમાડે કીડી, વેગડવાવ,ઈશનપુર,ઘણાદ વીગેરે ગામો આવેલા હોવાનું દર્શાવતો નકશો મેં આ કામે રજુ કરેલ નથી.

(૨) એ વાત ખરી નથી કે, મેં ત્રણ સીઝન પાક લેતા હોવાના ઉપજ નીપજ આવક જાવકના કોઈ બીલો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મેં આ કામે રજુ કરેલ આંક–૪૨ થી આંક–૪૭ વાળા બીલો જમીન સંપાદન થઈ તે સમયના નથી. ખેતીમાં ખાતર,બીયારણ,હળવા–લણવાં વીગેરેનો ખર્ચ આવકના આશરે પચ્ચીસ ટકા જેટલો થાય છે. એ વાત ખરી નથી કે, મને વધુ વળતર મળે તે હેતુથી હું ખોટી જુબાની આપુ છું. માલણીયાદ ગામથી મારુ ખેતર ૩ કી.મી. દુર આવેલ છે. એ વાત ખરી છે કે, માલણીયાદ ગામની આજુબાજુ કોઈ મોટી ફેકટરીઓ આવેલ હોય તેવું દર્શાવતો કોઈ પુરાવો રજુ રાખેલ નથી.

**ફેરતપાસ નથી.**

તા.૨૧/૮/૨૦૨૫ મારી રૂબરૂ
હળવદ.

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
કોડ નં.જીજે. ૦૦૭૧૧

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧